A Quality Product by
Shree Bharti Organic

# शिवामृत

**NOVEL ORGANIC NUTRIENTS**

## શિવામૃતને રાખો સંગ, પાકના નિખરે અંગ ને રંગ



# શિવામૃત

## નોવેલ સેન્દ્રિય પોષક તત્વો

PATENTED

100% ECO FRIENDLY

MAKE IN INDIA

### અનન્ય ખૂબીઓ:

- સંપૂર્ણ સેન્દ્રિય ઉત્પાદન.
- પાક માટે જરૂરી મુખ્ય તત્વો, સૂક્ષ્મ તત્વો, વનસ્પતિ વૃદ્ધિ વર્ધકો અને જમીન નું સ્વાસ્થ્ય સુધારતા સૂક્ષ્માણુઓ નું અદ્ભુત મિશ્રણ.
- આંતરરાષ્ટ્રીય પેટંટ ધરાવતું, કૃષિ યુનિવર્સિટી સંશોધિત એકમાત્ર ઉત્પાદન.

ICAR

In technical association with

Navsari Agricultural University

### ફાયદાઓ:

- મૂળનો મજબૂત વિકાસ અને ભરાવદાર વાનસ્પતિક વૃદ્ધિ.
- ફૂલોની વધેલી સંખ્યા તથા ફૂલમાથી ફળમાં મહત્તમ રૂપાંતર.
- ફળના ખરવાને અટકાવી, કદમાં વધારો કરી, ઉત્પાદન વધારે છે.
- પાક વહેલો પકાવવામાં મદદરૂપ.




### ભલામણ:

તમામ ધાન્ય, કઠોળ, ફળ અને શાકભાજી પાકો માટે.

### પ્રમાણ:

- વાવણી સમયે: પ્રતિ એકરે ૨ લીટર - પિયત સાથે અથવા ટપક સિંચાઇ પદ્ધતિ થી.
- વાવણી બાદ ૧૫ થી ૨૦ દિવસે, ફૂલ બેસવાની અવસ્થાએ તથા ફળ બંધાતી વેળાએ - ૧૦ મીલી/લીટર.



## આંબો



આંબાની નવી કલમોમાં શિવામૃતનો ઉપયોગ ટપક પદ્ધતિથી અથવા મૂળમાં રેડીને કરવો જોઈએ જે વનસ્પતિક વૃદ્ધિ વધારે છે અને કલમને તંદુરસ્ત રાખવામાં મદદરૂપ થાય છે. નવી રોપેલી કલમ ઉપર જો મંજરી ફૂટે તો તેને ત્રણ વર્ષ સુધી તોડી નાખવી જેથી વનસ્પતિક વૃદ્ધિ સારી થઈ શકે. આ ઉપરાંત ફળાઉ આંબાના ઝાડ ઉપર જ્યારે ૧૦% થી ૧૫% જેટલો મોર દેખાવાની શરૂઆત થાય એ સમયે ૨૦૦ લીટર પાણીમાં ૨ લીટર શિવામૃતનો છંટકાવ કરવો. આ છંટકાવ ફક્ત મોર ઉપર થાય તેનું ખાસ ધ્યાન રાખવું. છંટકાવ અંદરની તરફ અને ડાળી ઉપર ના કરવો. ફૂલોને નીકળવા જરૂરી પોષણ સીધે સીધું મોરને મળી રહે છે. વૃદ્ધિ વર્ધકો અને પોષક તત્વોની ઉણપ પૂરી થવાથી આંબામાં મોર ફૂટી નીકળે છે. ફળોનું સેટીંગ ચાલુ થયાના સમયે પણ ઉપર મુજબ છંટકાવ કરવાથી જવાણ સારૂં થાય છે. આ છંટકાવ કરવાથી મધમાખી જેવા પરાગનયન કરતા ઉપયોગી કીટકો પણ આકર્ષિત થાય છે જે ફળોના સેટિંગ માં ખોટ પૂરી કરે છે.



કેરીમાં ખરણ એ ખેડૂતોની મુખ્ય સમસ્યા છે. તે માટે કેરીનું કદ વટાણા જેટલું અને સોપારી જેટલું થાય ત્યારે ૨૦૦ લીટર પાણીમાં ૨ લીટર શિવામૃત ઉમેરી છંટકાવ કરવો. આમ કરવાથી ખરણ માં ઘટાડો થાય છે અને કેરીનું કદ ઝડપથી વધે છે અને પાક વહેલો તૈયાર થાય છે.

## ચીકુ

ચીકુના પાકમાં શિવામૃત નો છંટકાવ ચોમાસુ પૂર્ણ થયા બાદ તુરંત કરવો જોઈએ. ખેડૂત મિત્રોએ ઋતુનો અંદાજ લગાવી સપ્ટેમ્બર માસમાં ૨૦૦ લીટર પાણીમાં ૨ લીટર શિવામૃતનો ઉપયોગ કરવો. ત્યાર બાદ એક મહિના બાદ બીજો છંટકાવ કરવો જોઈએ (દિવાળી પહેલા). છંટકાવ ફક્ત ફાલ ઉપર જ કરવાના. કદ વધે અને વહેલા પાકે. શિયાળામાં ભાવ વધારે હોય જેનો ફાયદો મળી શકે.



## કેળા

કેળાના વાવેતર બાદ પ્રથમ ત્રણ મહિના સુધી દર મહિને ટપક પદ્ધતિ દ્વારા અથવા ડ્રેંચિંગ દ્વારા ૧ હેક્ટર માં ૪ લીટર શિવામૃત જમીન માં આપવું જોઈએ. આમ કરવાથી વનસ્પતિક વૃદ્ધિ સાથે ૧૦-૧૫ ટકા રાસાયણિક ખાતર ના વપરાશ માં ઘટાડો કરી શકાય. શિયાળામાં ઠંડી નું પ્રમાણ વધારે હોય ત્યારે ૨૦ મિલી શિવામૃતનું કોન ફીડીંગ (ઉપરના પાનની ભૂંગળીમાં રેડવું). કેળાની લૂમ બેસી ગયા બાદ નર ફૂલ તોડતી વખતે લૂમ ઉપર ૧૫ લીટર પાણી માં ૧૫૦ મીલી શિવામૃત નાખી છંટકાવ કરવો).



## શાકભાજી

શાકભાજી પાકોમાં ધરૂવાડિયામાં ૧૫ લીટર પાણીમાં ૭૫ મીલી શિવામૃતનો છંટકાવ કરવો. ધરૂની વૃદ્ધિ ઝડપથી થાય છે અને છોડ તંદુરસ્ત બને છે. ધરૂવાડીયું વહેલું તૈયાર થતાં વહેલી ફેર બદલી શક્ય બને છે. ફેરબદલી બાદ અથવા તો બીજ થી ઊગતા શાકભાજી માટે શિવામૃતનો ઉપયોગ બે તબક્કામાં કરવો જોઈએ. **પહેલો** તબક્કો વાનસ્પતિક વૃદ્ધિ માટે હોય છે દર ૧૫ દિવસે ૧ વીઘે ૧ લીટર શિવામૃત જમીન માં આપવું જોઈએ. (ટપક પદ્ધતિ/ડ્રેંચિંગ વડે). **બીજો** તબક્કોઃ ફૂલ/ફળ અવસ્થાએઃ ૧૫ દિવસના અંતરે (છંટકાવ કરવો). આમ કરવાથી સતત ફૂલો આવતા રહે છે અને ફળ સેટિંગ માં મદદ રૂપ થાય છે. શાકભાજી માં શિવામૃતના ઉપયોગ થી પાકની ગુણવતા ઉત્તમ પ્રકારની થવાની સાથે ઉત્પાદન માં ૧૫ ટકા જેટલો વધારો, રાસાયણિક ખાતરની માત્રામાં ૨૦ ટકા જેટલો ઘટાડો કરી શકાય છે તથા પાક વહેલો તૈયાર થાય છે.



**ડુંગળી, લસણ, આદુ** તથા **સુરણ** જેવા પાકોમાં પણ શિવામૃતના છંટકાવથી પાક ઉત્પાદન વધારી ગુણવત્તા સભર પાક મેળવી શકાય છે. ૧૫ લીટર પાણી માં ૧૫૦ મીલી શિવામૃત નાખી ૨૦ દિવસના અંતરે છંટકાવ કરવાથી સારા પરિણામો મેળવી શકાય છે.

## કંદમૂળ

વાવેતર પહેલા કંદ/ગાંઠ ને ૧૦ મીનીટ શિવામૃતમાં ડૂબાડીને વાવેતર કરવું (૨૦૦ લીટર પાણીમાં ૨ લીટર શિવામૃત નો ઉપયોગ કરવો).



## લીલા પાનવાળા શાકભાજી

મેથી, ધાણા, પાલક જેવા પાકો માં ૧૫ લીટર પાણીમાં ૭૫ મીલી શિવામૃતનો છંટકાવ દર ૧૦ દિવસે કરવો જોઈએ.

## ફૂલપાકો

કોઈપણ પ્રકારના ફૂલ પાકોના વાનસ્પતિક વૃદ્ધિના સમયે ૧ વીઘામાં ૧ લીટર શિવામૃત જમીનમાં આપવું. ફૂલો ચાલુ થયા બાદ ૧૫ લીટર પાણીમાં ૧૫૦ મીલી શિવામૃતનો સ્પ્રે કરવો જોઈએ. નિકાસ માટે કરવામાં આવતા ફૂલ પાકોમાં જો નિકાસના ધારા ધોરણો પ્રમાણે ઉત્પાદન ના મળે અને ડાઘા પડતા હોય તો શિવામૃતનો છંટકાવ ટાળવો અને શિવામૃત ફક્ત જમીનમાં જ આપવું.



## શેરડી

શેરડી ના પાકમાં વાવેતર બાદ જ્યારે શેરડી ઉગવા માંડે એ સમયે, પાળા ચઢાવતી વખતે અને ફૂટ ઉપર આવે એ સમયે આમ કુલ ત્રણ ભાગ માં શિવામૃત આપવું જોઈએ. શિવામૃત ને ૧ વીઘામાં ૧ લીટર મુજબ ટપક પદ્ધતિ અથવા ડ્રેંચિંગ કરીને આપવું જોઈએ.



## ડાંગર

ડાંગર ના ધરૂવાડિયામાં ૧૫ લીટર પાણીમાં ૭૫ મીલી શિવામૃતનો છંટકાવ કરવો. ત્યાર બાદ, ફેરબદલીના ૧૫-૨૦ દિવસ બાદ ઉપર મુજબના જથ્થામાં છંટકાવ કરવો. ડાંગરમાં જ્યારે ફૂટ આવે તથા દાણા ભરાવાની શરૂઆત થાય ત્યારે પણ ૧૫ લીટર પાણી માં ૧૫૦ મીલી શિવામૃતનો છંટકાવ કરવાથી પાક ઉત્પાદન વધારી શકાય અને પાક વહેલો તૈયાર થાય છે.

## કપાસ

કપાસનાં વાનસ્પતિક વૃદ્ધિ માટે ૧ વીઘામાં ૧ લીટર શિવામૃત પિયત સાથે આપવું જોઈએ. ત્યાર બાદ ફૂલ આવવાની શરૂઆત થાય અને ફૂલ ખીલવાની શરૂઆત થાય ત્યારે એમ કુલ બે છંટકાવ કરવા. ૧૫ લીટર પાણી માં ૧૫૦ મીલી શિવામૃતનો છંટકાવ કરવો.



**શિવામૃત નો ઉપયોગ કરતા ખેડૂતોએ નીચેના મુદ્દા ખાસ ધ્યાન માં રાખવા.**

- શિવામૃત સાથે અન્ય કોઈપણ જંતુનાશક /સ્ટિકર કે સ્પ્રેડર ભેળવવું નહીં.
- શિવામૃતનો સંગ્રહ સીધો સૂર્ય પ્રકાશ ના લાગે તે રીતે કરવો.
- બપોરના સમયે છંટકાવ કરવો નહી.
- બોટલ ને બરાબર હલાવ્યા બાદ જ ઉપયોગ માં લેવું.
- રાસાયણિક ખાતરો અથવા દવાનો છંટકાવ કરવો હોય તો શિવામૃતના ઉપયોગ માટે વચ્ચે ઓછામાં ઓછા એક અઠવાડીયાનું અંતર રાખવું.




Manufactured & Marketed by:
**Shree Bharti Organic**
**Customer Care:** +91 9687986966
www.shreebhartiorganic.com


ઓથોરાઈઝ્ડ ડીલર